वर्ष : १५ सने : २०२० सं.२०७६
अंक : ९, સળંગ અંક-૯૪ महा -जान्युआरी

Published on Date 22 every month

# ધર્મદૂત (માસિક)

વર્ષ : ૧૫ સને ૨૦૨૦ સં.૨૦૭૬
અંક : ૯ મહા/જાન્યુઆરી સળંગ અંક-૯૪

: લેખક - પ્રેરક :

જ્ઞાનનિધિ ચારિત્રરત્ન પૂજ્યપાદ
**પંન્યાસશ્રી પદ્મવિજયજી ગણિવરના**
પ્રથમ શિષ્યરત્ન પૂજ્યપાદ
ધર્મતીર્થપ્રભાવક, ગચ્છસ્થવિર,
અખંડબાલબ્રહ્મચારી, સિદ્ધાંતસંરક્ષક,
આચાર્યદેવ શ્રીમદ્
**વિજયમિત્રાનંદસૂરીશ્વરજી મહારાજા**

: માનદ સંપાદક :
અને
: પત્ર વ્યવહાર :



**જ્યોતીન્દ્રભાઈ જે. શાહ**
૩-બી, કંચનતારા એપાર્ટમેન્ટ,
જૈનનગર, સુવિધા શોપિંગ સેન્ટર પાછળ,
પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
ફોન : (R) 26650626
(M) 9824252978



: લવાજમ :

**વાર્ષિક રૂ. 151-00**
**આજીવન રૂ. 1000-00**
**પેટ્રન રૂ. 2000-00**


**આ અંકમાં.....**


★ આરાધનાસૂત્ર - ૩
★ લોભ -૧
★ તો આત્મકલ્યાણ શક્ય નથી.
★ આગ લાગે ત્યારે કૂવો ખોદાય ?
★ અનુમોદનાનો અમૃતથાળ


## આર્ષવાણી

**विणओ सासणे मूलं,**
**विणीओ संजओ भवे ।**
**विणयाओ विप्पमुक्कस्स,**
**कओ धम्मो कओ तवो ?।।३४१।।**

જૈન શાસનમાં વિનય એ ધર્મનું મૂળ છે. વિનયયુક્ત આત્મા જ સંયમી બને છે. વિનયરહિત (દુર્વિનીત) આત્મામાં (મૂળ જ ન હોવાથી) તપ કે ધર્મ (સંયમ) ક્યાંથી હોય ? - ઉપદેશમાળા

વિનય સર્વસંપત્તિને પ્રાપ્ત કરાવે છે. વિનીત જીવ યશ અને કીર્તિને પામે છે. દુર્વિનીત આત્મા ક્યારેય પોતાનાં કાર્યોની સિદ્ધિ કરી શકતો નથી.



## ★ આરાધનાસૂત્ર - ૩ ★★★

**ભાવાર્થ - વિવેચન - પૂ.આ.ભ.શ્રીમદ્ વિજયભવ્યદર્શનસૂરીશ્વરજી મહારાજ**

ગતાંકમાં જ્ઞાનાચારના અતિચારોની વિચારણા કરી, હવે પંચાચારના ક્રમમાં આવતા દર્શનાચારમાં લાગતા અતિચારોની વિચારણા કરવા માટે ગ્રંથકાર ચાર ગાથા જણાવે છે:

**जं सम्मत्तं निस्संकियाइ - अट्ठविहगुणसमाउत्तं ।**
**धरिअं मए न सम्मं, मिच्छा मे दुक्कडं ।।१।।**

**ભાવાર્થ :** નિઃશંકિતાદિ આઠ પ્રકારના આચાર (ગુણ) થી યુક્ત એવું સમ્યગ્-દર્શન (શ્રદ્ધારૂપ સમ્યક્ત્વ) નો-આઠ પ્રકારના આચાર પાલનરૂપ શ્રદ્ધાનશુદ્ધ અને કર્તવ્ય શુદ્ધ રીતે સ્વીકાર ન કર્યો... ગુરુભગવંતે યુક્તિપૂર્વક આપવા છતાં મેં મૂઢ થઈને ન અંગીકાર કર્યો હોય તે સંબંધી મારું પાપ મિથ્યા થાઓ.

'કેવલજ્ઞાન-કેવલદર્શનની પ્રાપ્તિબાદ પરમાત્માએ જે સત્યનીતરતી પ્રરૂપણા કરી તે જ સાચી અને શંકા વગરની છે' આવા પ્રકારની શ્રદ્ધારૂપ સમ્યક્ત્વનો મેં સ્વીકાર ન કર્યો... મતલબ, મિથ્યાત્વમાં જ રાચતો રહ્યો... અન્ય અન્ય ધર્મો... અન્ય ધર્મના રાગી-દ્વેષી દેવ-દેવીઓ, અન્ય ધર્મના ચારિત્ર-ધર્મ વગરના સંતો વગેરેને માનવારૂપ, એમની પૂજા-ભક્તિ કરવા સ્વરૂપ મિથ્યાત્વનો ત્યાગ ન કર્યો... તે પણ અતિચાર છે.

**'अेसेव अट्ठे, अेसेव परमट्ठे, सेसे सव्वं अनिट्ठे'** - મતલબ, ભગવાને જે કહ્યું તે જ અર્થ છે, તે જ પરમાર્થરૂપ છે. બાકી બધું જ અનર્થરૂપ છે. આ માન્યતાને સમ્યગ્દર્શન (શ્રદ્ધા) કહેવાય છે.નવતત્ત્વની યથાર્થ શ્રદ્ધાને પણ સમ્યક્ત્વ કહેવાય છે. આવી શ્રદ્ધા - માન્યતામાં જે ખામી તે અતિચારરૂપ છે.

નિશ્ચય સમ્યગ્દર્શન તો સાતમે ગુણસ્થાનકે હોય છે. વ્યવહાર સમ્યક્ત્વનાં જ ઠેકાણાં ન હોય ત્યાં નિશ્ચય સમ્યક્ત્વની તો વાત જ ક્યાં વિચારવાની હોય ? મિથ્યાત્વને વિદાય આપવી અને સમ્યક્ત્વનો પ્રવેશ કરાવવો એ કોઈ સામાન્ય ઘટના નથી. તે જ રીતે સમ્યક્ત્વને ટકાવવાનું કાર્ય પણ આસાન નથી. અવસરે અવસરે કે પરીક્ષાના સમયે ભલભલા જીવો સમ્યગ્-દર્શનને વમીને મિથ્યાત્વ ગુણસ્થાનકે ચાલ્યા જતા હોય છે. અશાતાવેદનીયકર્મના હુમલામાં, અંતરાયકર્મના એટેકમાં ઘણા જીવો ડગી જાય છે. ભૌતિક દુઃખ દૂર કરવા અને ભૌતિકસુખની પ્રાપ્તિ માટે પણ કેટલાક જીવો મિથ્યાત્વને વળગે છે ! ધર્મની દૃઢતા નથી હોતી. મિથ્યાત્વના સેવનથી દુઃખ દૂર નથી થતાં... એટલું જ નહીં, ભવિષ્ય અનંત દુઃખમય બને છે !

મિથ્યાત્વથી જ દુઃખ દૂર થતાં હોય ને સુખ મળી જતાં હોય તો અનાદિ કાલીન મિથ્યાત્વથી વાસિત જીવો દુઃખી ન જ હોવા જોઈએ. દુર્ગતિમાં ન જ જવા જોઈએ. પરંતુ શાસ્ત્રકાર - જ્ઞાની ભગવંતો સ્પષ્ટ જણાવે છે કે - મિથ્યાત્વથી દુર્ગતિ જ થાય છે. સમ્યક્ત્વની હાજરીમાં આયુષ્ય બાંધનારો સદ્ગતિમાં જ જાય છે. ટૂંકમાં કહીએ તો સંસારને કાપવાનું કાર્ય સમ્યગ્દર્શનનું છે અને સંસારને વધારવાનું કાર્ય મિથ્યાત્વનું છે. મિથ્યાત્વ એ ટલે મોહનીયકર્મધ આઠ કર્મના રાજાનો આજ્ઞાંકિત સેવક છે અને જીવોને ઠગવામાં માહેર છે. જીવને એ આંધળો જ બનાવી દે છે ! અંધાપો આવ્યા પછી સાચું દર્શન ક્યાંથી થાય ? વસ્તુની વાસ્તવિક ઓળખ ક્યાંથી થાય ? ઓળખ થયા વિના હેય-ઉપાદેય (ગ્રહણ કરવા યોગ્ય અને છોડવા યોગ્ય) નો વિવેક ક્યાંથી આવે ?

મિથ્યાત્વ મહારોગ છે. મહાદુશ્મન છે. મિથ્યાત્વ એ મૃત્યુ છે. શરીરના રોગોની ચિકિત્સા સરળ છે. મિથ્યાત્વ નામના રોગની ચિકિત્સા બહુ કઠિન છે. મિથ્યાત્વમાંથી તો ઘણા રોગોનો જન્મ થાય છે. ઘણા ઉપચાર અને ઘણાં પથ્યનાં પાલન પછી જ મિથ્યાત્વનો ઈલાજ શક્ય બને છે. એના માટે જગતના કોઈ વૈદ્ય-ડૉક્ટર કામ નથી લાગતા. વીતરાગ પરમાત્માએ બતાવેલા ઉપચારથી જ આ રોગની ચિકિત્સા શક્ય બને છે. પરંતુ વાસ્તવિકતા એ છે કે મિથ્યાત્વ નામનો આત્મશત્રુ એ ચિકિત્સા માટે જીવને તૈયાર થવા દેતો નથી. ચિકિત્સા તો રોગનું નિદાન થયા પછી થાય... પરંતુ મિથ્યાત્વને રોગ જ માનવા ન દે તેવું કારસ્તાન મિથ્યાત્વનું છે.

સમ્યક્ત્વ ગુણ અને સમ્યક્ત્વ વ્રત એ બંને જુદી વસ્તુ છે. મોહનીય (મિથ્યાત્વ મોહનીય) કર્મના તેવા પ્રકારના ઉપશમ-ક્ષયોપશમ કે ક્ષયથી સમ્યક્ત્વ ગુણ પ્રગટ થાય છે. શમ-સંવેગ - નિર્વેદ - અનુકંપા અને આસ્તિક્યઃ આ પાંચ લક્ષણોથી સમ્યક્ત્વ ગુણ આત્મામાં પ્રગટ થયો છે કે નહીં ? તેની જાણકારી મળે છે. ગણિતમાં જેટલું એકડાનું મહત્ત્વ (પ્રથમ સ્થાન) છે તેટલું જ મહત્ત્વ મોક્ષમાર્ગમાં સમ્યક્ત્વ નામના ગુણનું છે તેથી સમ્યક્ત્વ વિના વિરતિ - વ્રતની કિંમત નથી. પછી તે અણુવ્રત હોય કે મહાવ્રત કેમ ન હોય ! સમકિત વગરનો નવપૂર્વ ભણેલો (જગતની દૃષ્ટિએ જ્ઞાની ગણાતો હોવા છતાં) અજ્ઞાની ગણાય છે ! સમ્યક્ત્વ વગર દાનાદિ ધર્મો મોક્ષફળને આપી શકતા નથી. શ્રીતીર્થંકર ભગવંતના ભવની ગણતરી પણ આ ગુણ આવ્યા પછી જ થાય છે.



સમ્યગ્દર્શન વ્રત તેને કહેવાય કે - જેમાં સુદેવ - સુગુરુ - અને સુધર્મની શ્રદ્ધા - માન્યતા હોય, મિથ્યા - કુદેવ - કુગુરુ - કુધર્મનો ત્યાગ હોય.

સમ્યગ્દર્શન એ પાયો (Foundation) છે. એના ઉપર જ વ્રતાદિની ઈમારત ઊભી થાય છે. બારવ્રતને શ્રાદ્ધ (શ્રાવક) ધર્મરૂપી કલ્પવૃક્ષ ગણવામાં આવ્યું છે, તો સમ્યક્ત્વવ્રતને એનું મૂળ ગણવામાં આવ્યું છે. મૂળ (પાયો) મજબૂત હોય તો ઝાડ (ઈમારત) મજબૂત રહી શકે, લાંબો સમય ટકી શકે. માટે મિથ્યાત્વથી બચવાનો ખૂબ જ પ્રયત્ન કરવાનો છે. એ માટે જ એના અતિચારથી પણ સાવધાન રહેવાનું છે. ગુણ અને વ્રતને દૂષિત કરવાનું કામ આ અતિચારનું છે. વ્રતમાં દૂષણ (અતિચાર) લાગવાથી ગુણોની હાનિ થાય છે. **ગુણો ગુણકારી છે તો અતિચારો અનર્થકારી છે.** અતિચારોથી આત્મા મલિન થાય છે. એ મલિનતાના કારણે (એનાથી બંધાતાં પાપકર્મોથી) આત્મા દુઃખ અને દુર્ગતિમાં ધકેલાય છે. દુઃખ અને દુર્ગતિ કોને ગમે ? સામાન્યથી અનાદિ કાલીન કુસંસ્કારો અને કર્મે ગોઠવેલા તેમના સેવકોની સિફારસથી જીવને પાપ ગમે છે, પાપનાં કડવાં ફળ નથી ગમતાં ધર્મનાં ફલે ગમે છે, પરંતુ ધર્મ નથી ગમતો ! આ પણ મિથ્યાત્વનો જ પ્રભાવ અને પ્રતાપ છે.

આ બધું જાણ્યા પછી મિથ્યાત્વનો પડછાયોય લેવો નહિ. મિથ્યાત્વનાં નિમિત્તોથી જ દૂર રહેવું. નબળાં નિમિત્તો જ જીવનું પતન નોંતરે છે. ભૌતિક સુખનો રાગી જીવ,આસક્ત આત્મા કષ્ટમય ધર્મને સ્વીકારવા તૈયાર થતો નથી; કષ્ટ વેઠીનેય પાપ બાંધવા તૈયાર થઈ જાય છે. પાપ બાંધવા માટે જાલિમ દુઃખો અને પીડા વેઠવાની તૈયારીવાળો જીવ થોડું કષ્ટ વેઠી ધર્મ કરવા અને એના દ્વારા કાયમ માટે દુઃખ મુક્ત થવા તૈયાર થતો નથી; આ એક મોટું આશ્ચર્ય છે. પાપ બાંધતી વખતે, તેના પરિણામે આવનાર દુઃખ તરફ નજર જતી નથી. પછી દુઃખ અને પીડા આવે છે ત્યારે બૂમાબૂમ કરે છે.ત્યારે એ દુઃખથી ભાગવા-છૂટવા ધમ-પછાડા કરે છે. કાશ! આવા સમયે પણ ફરી એ દુઃખથી છૂટવા પાપના માર્ગે દોડે છે! આય અજ્ઞાનતાનું જ પરિણામ છે. પાપ વગર ભૌતિક (નાશવંત)સુખ ક્યાંથી મળે ?ધર્મ વગર આત્મિક (શાશ્વત) સુખ ક્યાંથી મળે ? બુદ્ધિશાળી ગણાતો માનવ પણ આવા જ અજ્ઞાનતાના માર્ગે જાય ત્યારે કેવી કરુણતા દેખાય? અજ્ઞાની-અવિવેકી તિર્યંચાદિ ભવોમાં રહેલા જીવો અજ્ઞાનતાના યોગે, પ્રભુ શાસન કે

શાસને આપેલી સમજણ ન મળવાના કારણે આડા-અવળા રસ્તે જાય તે બને, પણ જ્ઞાન મળ્યા પછી આવો જ રસ્તો અખત્યાર કરે તે કેમ ચાલે ?

આ વિષયમાં ઘણું લખી શકાય...પરંતુ ટૂંકમાં અહીં ઘણું જણાવ્યું છે.થોડામાં ઘણો સાર આપી દીધો છે. ચિંતન-મનન કરશો તો વધુ સમજાશે. હવે મૂળ વિષયને આગળ વધારીએ.

સમ્યગ્દર્શનને આઠ આચારોથી ધારણ કરવાની વાત મૂળગાથામાં કરી છે. એનાં નામ વિચારી લઈએ.૧.નિઃશંકિત ૨. નિઃકાંક્ષિત ૩ નિર્વિચિકિત્સા ૪. અમૂઢદૃષ્ટિ ૫. ઉપબૃંહણા ૬. સ્થિરીકરણ ૭.વાત્સલ્ય અને ૮. પ્રભાવના

પુણ્યપ્રકાશના સ્તવનની પહેલી ઢાળમાં સામાન્યથી પંચાચારમાં લાગતા અતિચારોની વાત લીધી છે. એમાંય જ્યારે જ્ઞાનાચારની વાત કરી તે ગાથાઓમાં આંકડી તરીકે 'પ્રાણી' ! જ્ઞાન ભણો ગુણ ખાણી', દર્શનાચારની વાતમાં 'સમકિત લ્યો શુદ્ધ જાણી' અને ચારિત્રાચારની વાતમાં 'ચારિત્ર લ્યો ચિત્ત આણી' અવાં વાક્યો મૂકી તે તે આચારનું પાલન કઈ રીતે કરવું ? તેનું માર્ગદર્શન આપવા પૂર્વક મહત્તા બતાવી છે.

દર્શનાચારના અતિચારોની આલોચનાની વાત મૂળ ગાથાના ભાવો સાથે આ પ્રમાણે કરી છે.

જિનવચને શંકા નવિ કીજે, નવિ પરમત અભિલાષ; સાધુતણી નિંદા પરિહરજો, ફળ સંદેહ મ રાખ રે...પ્રાણી! સમકિત લ્યો શુદ્ધ જાણી.૫.મૂઢપણું છંડો પરશંસા, ગુણવંતને આદરીએ;સાહમ્મીને ધરમે કરી થિરતા, ભક્તિપ્રભાવના કરીએ રે પ્રાણી!સમ. ૬. સંઘ ચૈત્ય પ્રાસાદતણો જે, અવર્ણવાદ મન લેખ્યો; દ્રવ્ય-દેવકો વિણસાડ્યો,વિણસંતા ઊવેખ્યો રે પ્રાણી! સમ.૭ ઈત્યાદિક વિપરીતપણાથી, સમકિત ખંડ્યું જેહ,આ ભવ પરભવ વળી રે ભવોભવ.મિચ્છા.૮

આ ચાર ગાથામાં;સંક્ષેપમાં દર્શનાચારના આઠે આચાર પાલનમાં લાગતા અતિચારોની વાત સાવ સરળ શબ્દોમાં કહી દીધી છે. ઉપા.શ્રીવિનયવિજયજીમ. કાશીમાં ભણેલા વિદ્વાન હોવા છતાં તેમની શૈલી આબાલભોગ્ય સરળ અને રસાળ છે, માત્ર વિદ્વદ્‌ભોગ્ય નથી. આવી હૃદયંગમ અને રોચક ભાષામાં શાસ્ત્રના ગહન પદાર્થોને ઉતારવા એ સામાન્ય માનવના ગજાનું કાર્ય નથી. એ માટે દુનિયાનું પણ જ્ઞાન જરૂરી બને છે. શબ્દકોશ-લોકકહેવત-લોકરીતિ-નીતિ-જીવનશૈલી વગેરેનું પરિપક્વ જ્ઞાન પણ એટલું જ આવશ્યક અને ઉપયોગી ગણાય છે.



પાંચમી ગાથામાં તેઓએ શંકા-કાંક્ષા-વિચિકિત્સાઃ એમ ત્રણ આચારમાં થતા-લાગતા અતિચારોની વાત કરી. છઠ્ઠી ગાથામાં બાકીના પાંચ આચારોમાં લાગતા અતિચારોને સંક્ષેપમાં બતાવી દીધા.તે ઉપરાંત દર્શનાચારને દૂષિત કરનારાં કાર્યોની વાતો સાતમી અને આઠમી ગાથામાં કરી છે.

જિનવચનમાં શંકા કરવાની નહીં, એમ પહેલાં જણાવ્યું.શંકા કરવાથી (તે અતિચાર લાગવાથી) સમકિત ચાલ્યું જાય છે.'**तमेव सच्चं निस्संकं, जं जिणेहिं पवेइअं**'મતલબ, તે જ સાચું, શંકાવગરનું છે, જે જિનેશ્વરભગવંતે કહ્યું છેઃ આ માન્યતા દઢપણે રાખવાની છે.આ સમ્યગ્દર્શનનો પાયો છે.(આમ તો સમ્યગ્દર્શન પોતે જ ધર્મનો પાયો છે, કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યા પછી ભગવાન પ્રરૂપણા કરતા હોવાથી તેમાં અસત્યનો અંશ પણ ન જ આવે.છદ્મસ્થની પ્રરૂપણામાં અસત્ય હોઈ શકે પરંતુ ત્રિકાળજ્ઞાન જેમાં સમાયેલું છે, જે સંપૂર્ણ-પરિપૂર્ણ છે, જે જ્ઞાનાવરણીય કર્મ સાથે મોહનીયકર્મના સંપૂર્ણ ક્ષયથી ઉત્પન્ન થાય છે.(જૂઠ-અસત્ય બોલવામાં કારણભૂત ક્રોધ-લોભ-ભય અને હાસ્યઃ આ ચાર કારણો જવાબદાર છે. એ ચારે દોષો મોહનીયકર્મના જ ભેદ છે. મોહનીયકર્મ જ્યારે સંપૂર્ણ નાશ પામે ત્યારે જૂઠ બોલાવનારાં ચાર કારણો પણ નષ્ટ થઈ જાય છે.તેથી તેઓ કયારેય જૂઠ બોલી શકતા જ નથી) તેથી એમની વાણી-પ્રરૂપણામાં અસત્ય ન જ હોય...! માટે એમાં શંકાને કોઈ સ્થાન જ ન રહે. ત્રિકાળાબાધિત એ વચનો હોય છે. આ જ સુધીમાં સર્વજ્ઞોનાં વચનોને કોઈ ચેલેન્જ કરી શક્યું નથી, કોઈ અસત્ય પુરવાર કરી શક્યું નથી...!

(ક્રમશઃ) ધ

## ★ લોભ -૧ ★★★

**-પૂ.આભ.શ્રીમદ્‌વિજયભવ્યદર્શનસૂરીશ્વરજી મહારાજા**

જગતના લગભગ તમામ સંસારીજીવો વિષયોની જેમ કષાયોની પણ ગુલામી ભોગવતા જોવા મળે છે. કષાયો માત્ર માનવોમાં જ નહિ,ચારે ગતિના જીવોને પીડા આપે છે. હા, **વિશેષ જ્ઞાનદૃષ્ટિના અભાવે પીડાદાયક કષાયો પણ સુખદાયક કે આનંદદાયક લાગે છે.** કષાયો કરી દીધા બાદ જો જ્ઞાનનો-બુદ્ધિનો-ભવિષ્યનો વિચાર કરે તો ખ્યાલ આવે કે વિજય મેળવી આપનારા એ જ કષાયો પરાજય આપનાર,દુઃખ અને દુર્ગતિનું દાન કરનારા છે, એવો અહેસાસ થાય. માઠાં પરિણામ ભોગવવાનાં આવે, સંબંધોમાં કડવાશ ઊભી થાય,જીવન ક્લેશ અને

સંક્લેશના દાવાનળમાં ફસાયેલું લાગે ત્યારે આંખ ઊઘડે છે. પરંતુ તે સમયે ઘણું ઘણું મોડું થઈ ગયું હોય છે.રસ્તાઓ બધા જ રૂંધાઈ ગયા હોય છે.

અલબત્ત,શાસ્ત્રકારભગવંતોએ ચારે ગતિના જીવોમાં કષાયો હોવા છતાં તે તે કષાયોનાં પ્રાચુર્યની દૃષ્ટિએ ક્રોધાદિ કષાયો ને ચાર ગતિમાં વહેંચી બતાવ્યા છે.ક્રોધનું પ્રાચુર્ય નરકમાં-નારકીજીવોમાં જોવા મળે છે. માનનું પ્રાચુર્ય માનવોમાં વધારે નજરે ચઢે છે. માયાની સર્વાધિક માત્રા તિર્યંચોમાં દેખાય છે અને લોભનો અતિરેક દેવોને સૌથી વધુ પરેશાન કરતો જોવા મળે છે. આનો મતલબ એવો ન કરવો કે તે તે ગતિમાં જ, તે તે કષાયો હોય છે. કયારેક ક્રોધની માત્રા સાપ-નાગ કે જંગલી જાનવરોમાંય મોટા પ્રમાણમાં દેખાય છે. તે જ રીતે માનવોમાંય ક્રોધની આગ જોવા મળે છે. દેવોમાં કે ઈન્દ્રાદિ વચ્ચેય યુદ્ધો ખેલાય છે. નારકીમાં તો ચરમ કક્ષાનો ક્રોધ જોવા મળે છે.

લોભ નામનો કષાય અપેક્ષાએ ગણવા જઈએ તો સૌથી વધારે ગુણોનું ભક્ષણ કરનારો કહ્યો છે. ક્રોધ પ્રીતિનો નાશ કરનાર છે. માન વિનય નામના ગુણની કતલ કરે છે. માયા મૈત્રીના સંબંધને તોડી નાખે છે, જ્યારે લોભ સર્વવિનાશક છે, આવું આગમનું વચન છે.

શાસ્ત્રકાર ભગવંત જણાવે છે કે, પોતાના ખજાનામાં ઈચ્છા મુજબ ધન(સોનું-ચાંદી-રત્ન વગેરે) ન મળે ત્યાંસુધી તેની પ્રાપ્તિ માટે માનવ ચિંતાગ્રસ્ત રહે છે.આ ચિંતા એ દુર્ધ્યાન છે. આવા ધ્યાનમાં જો નવા જન્મનું આયુષ્ય બંધાય તો દુર્ગતિ નિશ્ચિત થાય જ.એક વાર દુર્ગતિનાં દ્વાર ખુલ્લાં થયા પછી ફરી ક્યારે એ દરવાજા બંધ થાય તે કહેવું મુશ્કેલ છે. અર્થાત્ ગણતરીના ભવમાં એ કર્મ પૂરું થતું નથી.સેંકડો-હજારો ભવ કરતાંય ઠેકાણું ન પડે એવું બને છે. એટલે લોભની દુરંતતા વિચારવા જેવી છે.

ક્રોધથી ક્રોધ વધે જ એવો નિયમ નથી. માનથી માનનું પ્રમાણ વધે જ એવું વિધાન નથી.માયાથી માયામાં વધારો જ થાય એવી વાત શાસ્ત્રમાં નોંધાઈ નથી પરંતુ લોભથી લોભ(અથવા લાભથી લોભ) વધે છે; એવું વિધાન ઉત્તરાધ્યયનસૂત્રાદિમાં જરૂર જોવા મળે છે.જહા લાહા તહા લોહો, લાહા લોહો પવઢ્ઢઈ.આવો શ્લોક પ્રભુ વીરની અંતિમ દેશનાના સંગ્રહ રૂપ શ્રીઉત્તરાધ્યયન સૂત્રમાં નોંધાયો છે.જ્યાં સુધી જીવનમાં સંતોષગુણ ન આવે ત્યાં સુધી લોભ પોતાનો અડ્ડો જમાવીને બેસી રહે છે. તે પાપના માર્ગે જીવને આગળ-આગળ વધારે છે.મોહને શિકસ્ત આપી સંતોષને જીવનમાં સ્થાન આપવા માટે પ્રયત્ન કરવો જોઈએ.માયા



અને લોભ એ રાગસ્વરૂપ છે. **રાગની પાછળ દ્વેષ પોતાનું સ્થાન અનામત રાખે છે.** ક્રોધ અને માન એ દ્વેષરૂપ છે.**રાગ-દ્વેષ એ સમગ્ર સંસારરૂપી બગીચાને લીલોછમ રાખવાનું કાર્ય કરે છે.**

માનવને મનોભાવના મુજબ ધન-સંપત્તિ મળી ગયા પછી તેના રક્ષણ માટેના ઉપાયોમાં રાત-દિવસ ચિંતા કર્યા કરે છે. એનું મન હંમેશા વ્યગ્ર રહ્યા કરતું હોય છે. મળેલી સંપત્તિમાં ઘટાડો ન થાય તે માટે સદા વ્યાકુળતા અનુભવતો હોય છે. એમાં વળી કોઈ સારા-નરસા પ્રસંગો આવે,માંદગી વગેરે આવે; એમાં સંપત્તિ ઓછી થાય તો બેચેની જણાય છે.પૈસાની સુરક્ષા માટે પહેરેગીર, વૉચમેન,ધનમેન કે લોકર વગેરેની ચિંતા તે સંરક્ષણાનુબંધી રૌદ્રધ્યાન છે.એ ધ્યાનમાં જો આયુષ્યનો બંધ પડે તો કર્મગ્રંથકાર જણાવે છે કે-નરકગતિનું આયુષ્ય જ બંધાય.**પૈસાની સુરક્ષા તિજોરી-લોકર વગેરેથી નહિ,પુણ્યથી થાય છે** એ વાત ઉપર તે જીવને શ્રદ્ધા નથી હોતી.**વિપત્તિ પુણ્યના ઉદયથી નહિ, પાપના ઉદયથી આવે છે,** એ વાત તે જીવ ભૂલી જાય છે.**પુણ્યશાળી જીવને લક્ષ્મી સામેથી મળી જાય છે.પાપીને મહેનત કરવા છતાં મળતી નથી.**મળે તો ટકતી નથી. લક્ષ્મી એ પુણ્યની બહેન છે.તે પુણ્યનામના ભાઈને અનુસરે છે. અથવા એમ કહી શકાય કે **પુણ્ય નામના ભાઈ વગર લક્ષ્મી એક ક્ષણ પણ એકલી રહેતી નથી.** પુણ્ય અને લક્ષ્મી ક્યારેય જુદાં (વિખુટાં)પડતાં નથી. બંને વચ્ચેના સંબંધને કોઈ તોડી શકતું નથી.

ધનવાન આત્મા(પુણ્યવાન હોવાના કારણે)સ્ત્રી-પુત્રાદિના પરિવારવાળો અને જનતા તરફથી આદર-માન પ્રાપ્ત થવા છતાં; લાકડાંમાં રહેલ ઘુણ નામના કીડાની જેમ(લાકડાને જેમ ઘુણનો કીડો ખોખલું બનાવી દે, પોલું કરીને મજબૂતાઈને ખતમ કરી નાખે છે)સમર્થ માનવનેય રોગ-શોકાદિથી નિર્બળ બનાવી દે છે. બહારથી ધનિક દેખાતો એ માનવ અંદરથી શારીરિકરોગ, અનિદ્રા(ઊંઘ ન આવવી) ઈષ્ટવિયોગ-અનિષ્ટ સંયોગ વગેરે શોકથી હંમેશા દુઃખી જ હોય છે. મતલબ એવો થયો કે **પૈસાવાળો સુખી એવી લોકમાનસમાં બેઠેલી વ્યાખ્યા તદ્દન પાયા વિહીન છે. મમ્મણ પૈસાવાળો હતો,સુખી નહોતો.સામે પક્ષે પુણિયો શ્રાવક માત્ર ૧૨॥ દોકડાની રોજની કમાણીમાં પરમસુખી હતો.**કારણ,એની પાસે પૈસા મેળવવાની લાલસા કે લોભ કષાય નહોતો. તે સંતોષી હતો.ભેગું કરનારો અને ભોગવનારો બંને પ્રાયઃ સંક્લેશ કરી દુર્ગતિના અતિથિ બને છે!

પૈસો રાગ-દ્વેષને જન્મ દેનારો જનક છે. વેર-ઝેર ઝઘડાનું કારણ પણ છે. ધર્મરત્નપ્રકરણ નામના ગ્રંથમાં વાદિવેતાલશાંતિસૂરિજી મ. લખે છે કે-ભાવશ્રાવકના

ભાવગત ૧૭ લક્ષણોમાં પૈસા માટે શ્રાવક એમ વિચારે કે, 'અર્થઃ અનર્થાય' એટલે કે પૈસો(અર્થ)અનર્થોને માટે થાય છે.અનર્થકારક પૈસાની મમતાને મારવા માટે આ વિચાર ઉપયોગી છે.**પૈસા જેવું દુઃખદાયક તત્ત્વ જગતમાં જૂજ જ મળશે. પૈસાના ભોગમાં કે સંગ્રહમાં સુખ નથી. સુખ તો પૈસાના ત્યાગમાં છે. કર્મ સત્તા પૈસા છોડાવે એમાં ગૌરવ નથી.ધર્મસત્તાના કહેવાથી(ત્યાગ-દાનની ભાવનાથી) પૈસા છોડે તે ગૌરવરૂપ ઘટના છે.** આવા ત્યાગી-દાનીનાં નામો ઈતિહાસનાં પાને સુવર્ણાક્ષરે અંકિત થયાં છે.તેમને ગૌરવ મળ્યાં છે,તેમની વાહ વાહ થઈ છે. માનવલોકમાં જ નહીં,સ્વર્ગલોકમાંય તેમનાં નામો ગવાયાં છે.શ્રીતીર્થંકરભગવંતો, ગણધરભગવંતો અને આચાર્યાદિ ગુરુભગવંતોનાં શ્રીમુખે પણ તેમની જ પ્રશંસા થઈ છે. રાજાઓની નહીં,રાજર્ષિઓની સ્તવના શાસ્ત્રમાં જોવા મળે છે. એટલે કે રાજ્યસિંહાસન પર ચોંટી રહ્યા તેની નહીં, તેનો વૈરાગ્યભાવથી, પાપ સમજીને સ્વેચ્છાએ ત્યાગ કરી રાજર્ષિ બન્યા તેમની સ્તવના થઈ છે. (ક્રમશઃ) ધ

## ★ તો આત્મકલ્યાણ શક્ય નથી. ★★★

**-પૂ.આ.ભ.શ્રીમદ્વિજયભવ્યદર્શનસૂરીશ્વરજી મહારાજા**

**एकत्र वसतां येषां, वाक्कायमनसां भवेत्।**

**परस्परं पृथग्भावं, कुतस्तस्यात्मनः शिवम्?।।**

**ભાવાર્થ :** મન-વચન-કાયા સાથે(એક જ શરીરમાં)રહેવા છતાં પરસ્પર મેળ ન હોય તો તે આત્માનું કલ્યાણ કઈ રીતે થાય ?

**વિવેચન :** એક ઘરમાં રહેતા ૫-૭ સભ્યો કે ૨-૪ સભ્યોમાં પરસ્પર મેળ ન હોય, બધાના વિચારો, વચનો અને પ્રવૃત્તિ ભિન્ન ભિન્ન હોય તો પરિસ્થિતિ કેવી બને ?વાતાવરણમાં મધુરતાને બદલે કટુતા ઊભી થાય. દરેકના મનમાં સંક્લેશનો ભાવ હોય, દરેકનાં વચનોમાં અંગારા દઝાડતા હોય તેવો જ આભાસ થાય. વર્તન એવું હોય કે જાણે એક ઘરમાં બધા દુશ્મનો ભેગા થયા છે !

બે અલગ અલગ શેરીના કૂતરાં ભેગાં થાય ત્યારે તો ઘુરકે, દાંતિયાં કરે,ભસે..પરંતુ એક જ શેરીના કૂતરાં હોય તો કેવાં ભેગાં રહે ? તિર્યંચના અવિવેકવાળા ભવમાં, અજ્ઞાનતા યુક્ત જન્મમાં હોવા છતાં તેનામાં કંઈક સભ્યતા દેખાય છે. કંઈક મેળ કે સંપ જણાય છે. માનવજીવનમાં મનુષ્યના પરિવારમાં આટલો વિકાસ થયા પછી, આટલું ભણ્યા-ગણ્યા પછી, ધર્મ સમજયા પછી ધર્મી કહેવડાવવા છતાં પરસ્પર કમેળ ? દરેકના વાણી-વ્યવહાર-વિચારોમાં અંતર? ન



વિચારોનો મેળ, ન વ્યવહારનો મેળ, ન વાણીનો સુમેળ ! આવું કેમ ? જો બહારના વાતાવરણને સુમેળવાળું ન બનાવી શકો તો તમારા ભીતરના મન-વચન-કાયાનો સુમેળ કઈ રીતે સાધી શકશો ? જો આટલો સુમેળ ન બનાવી શકો તો તેવાં મન-વચન-કાયાથી મુક્તિ શી રીતે સાધી શકશો ?

એક જ આત્મા સાથે જોડાયેલા મન-વચન-કાયા હોવા છતાં અરસ-પરસ દુશ્મનો ? આ ત્રણેની ક્રિયા ભિન્ન ભિન્ન હોય ત્યાં સુધી તે જ મન-વચન-કાયાનાં સત્ફળો ક્યાંથી પ્રાપ્ત થઈ શકે ? દુશ્મનો ગમે તેટલા ભેગા રહે ત્યાં આનંદ તો ન જ હોય.બે દુશ્મનોય જ્યાં ભેગા થાય ત્યાં રગડા-ઝઘડા ને કલેશ-સંક્લેશ જ જોવા મળતા હોય ત્યાં મન-વચન-કાયાઃ આ ત્રણ દુશ્મનો ભેગા થાય તો દશા કેવી થાય ? શાંતિ તો યોજનો દૂર જ રહે ને ? સમાધિની સંભાવના પણ કયાંથી રહે ?સમાધિ વગર સદ્ગતિ જ ન મળે તો સિદ્ધિની કલ્પનાય ક્યાંથી કરી શકાય ? સિદ્ધિના શિખરે પહોંચવા માટે ત્રણેનો સુમેળ આવશ્યક છે, જરૂરી છે.'સંપ ત્યાં જંપ' જેવી ગુજરાતી કહેવત આ વાતના સમર્થન માટે વિચારી શકાય છે. કુસંપવાળા ઘણા પરિવારો, ઘણાં ગામો, નગરો-રાજ્યો -રાષ્ટ્રો સિદાય છે. સંપ ન હોય તેવા દેવલોકમાંય; દિવ્ય સામગ્રી હોવા છતાં સુખ-શાંતિ નથી. નારકીઓમાં તો તેવા કર્મના યોગે અને ભૂમિના પ્રભાવે કુસંપની પરાકાષ્ઠા છે. ચરમસીમાએ પહોંચેલો એ કુસંપ(દ્વેષ-દુશ્મનાવટ) સતત એકબીજાને પીડા આપવાની જ મજા(નહીં સજા) લેવડાવે છે.

વ્યાપારમાં જો સંપ ન હોય તો કમાણીની જગ્યાએ ખોટનો સામનો કરવાનો વખત આવે છે. છેવટે દેવાદાર બની વ્યાપાર બંધ કરવાની નોબત આવે છે. સમજુ અને શાણો માણસ ત્યાં રહી શકતો નથી.

મન-વચન ને કાયાની એકાગ્રતા-સંપ-એકવાક્યતા હોય તો તે તે કાર્યોની સિદ્ધિ ઝડપથી થાય છે. વિપત્તિઓનો સામનો ત્રણે ભેગા થઈને કરી શકે છે. પરસ્પર મેળ ન હોય તો ત્રણેને વિપત્તિ ભોગવવી પડે છે. વિપત્તિમાં જો કોઈની સહાય ન મળે તો હાર કબૂલવા સાથે હતાશાનો ભોગ બને છે. જીવનમાં તેની ઉન્નતિ કે પ્રગતિ શક્ય બનતી નથી. પ્રત્યેક ક્ષેત્રમાં કુસંપના કારણે અવરોધ ઊભો થાય છે.

જેમ દર્શન -જ્ઞાન-ચારિત્રઃ આ રત્નત્રયીમાં સંપ-સુમેળ ન હોય, એટલે કે જેવું જ્ઞાન તેવી શ્રદ્ધા ન હોય..જ્ઞાન-શ્રદ્ધાપ્રમાણે ક્રિયા (ચારિત્ર) ન હોય તો તે મોક્ષનો માર્ગ ન જ બની શકેઃ તે જ રીતે મન-વચન-કાયાનો સુમેળ ન હોય તો કોઈ પણ કાર્યની સિદ્ધિ સંભવિત ન થાય. સંસારની નાની સિદ્ધિ પ્રાપ્ત કરવા માટે જો

ત્રણેનો સુમેળ જરૂરી હોય તો મુક્તિની સાધનામાં તો કેટલો જરૂરી ગણાય ?

આ ત્રણેમાં કાયા કરતાં વચન ઉપર અને વચન કરતાં મન ઉપર નિયંત્રણ કઠિન છે. મતલબ, કાયાને સમજાવવા કરતાં વચનને સમજાવવાનું કાર્ય દુષ્કર છે. તેના કરતાંય મનને સમજાવવાનું કાર્ય તો અત્યંત દુષ્કર ગણાય છે. સતત મન ઉપર જ વધારે દેખરેખની જરૂર છે. તેમ મન પર સતત લગામ રહેવી જોઈએ. સૌથી વધારે ભાગંભાગ તેની જ હોય છે. મનની દોટ એટલી ઝડપી હોય છે કે તેને પકડવાનું કાર્ય ભલભલા માટે નાકે દમ લાવી દેનારું પુરવાર થાય છે.

આવા મન-વચન-કાયાનો સુમેળ સાધવાની ક્રિયા એક વિશિષ્ટ સાધના છે. આ સાધનામાં સિદ્ધિ મેળવનારા જૂજ જીવોમાં આપણો નંબર લાગે એવું સામર્થ્ય મેળવવાની પ્રાર્થના પ્રભુને રોજ કરવા જેવી છે. એ માટે સાત્ત્વિક પુરુષોનાં જીવનમાંથી પ્રેરણા લઈ,આપણે પણ એવો સાત્ત્વિક પુરુષાર્થ કરવા કમર કસવાની છે. આવી ક્રિયામાં સફળ બનીએ, એ જ મંગલકામના. ધ

## ★ આગ લાગે ત્યારે કૂવો ખોદાય ? ★★★

-શ્રીધર્મમિત્ર

**यावत्स्वस्थमिदं कलेवरगृहं यावच्च दूरे जरा,**
**यावच्चेन्द्रियशक्तिरप्रतिहता यावत्क्षयो नायुषः।**
**आत्मश्रेयसि तावदेव विदुषा कार्यः प्रयत्नो महान्,**
**आदीप्ते भवने च कूपखननं प्रत्युद्यमः कीदृशः ?।।**

**ભાવાર્થ :** જ્યાંસુધી દેહરૂપી ઘર સ્વસ્થ નીરોગી છે, ઘડપણ જ્યાં સુધી હજી દૂર છે,પાંચ ઈન્દ્રિયોની શક્તિ જ્યાં સુધી ક્ષીણ થઈ નથી અને જ્યાંસુધી જીવન છે ત્યાં સુધી આત્મકલ્યાણની ક્રિયામાં બુદ્ધિશાળી માનવે અતિવિશિષ્ટ પુરુષાર્થ કરી લેવો જોઈએ. ઘરમાં આગ લાગે ત્યારે કૂવો ખોદવાનો ઉદ્યમ કઈ રીતે યોગ્ય કહેવાય ? અર્થાત્ ન જ કહેવાય.

શાસ્ત્રકાર ભગવંતો આ શ્લોક દ્વારા; મૂર્ખમાં ન ખપી જવાય તે માટે સજાગ બનવા જણાવે છે.મળેલી સામગ્રીનો યોગ્ય સમયે સદુપયોગ કરી લેવા જણાવે છે.સામગ્રી હાથમાંથી ચાલ્યા ગયા પછી વિચારનારો-શોક કરનારો-પશ્ચાત્તાપ કરનારો મૂર્ખમાં જ ગણના પામે છે.'મૂર્ખ' વિશેષણ કોઈનેય પસંદ તો નથી જ હોતું. પસંદગી પ્રમાણે વિશેષણ ક્યારેય ન મળે, એ તો યોગ્યતાના-કાર્યના આધારે



મળે છે. પસંદગી પ્રમાણે વિશેષણ મળતાં હોત તો આજે મૂર્ખ-અજ્ઞાની-ગમાર-ગાંડો-પાગલ જેવાં વિશેષણો કોષમાં મળતાં હોત પણ એવા જીવો તો ન જ પ્રાપ્ત થાત. જ્ઞાની ભગવંતોની નજરે તો સારાં વિશેષણોની પાત્રતાવાળા જીવો કરતાં આવા હલકાં વિશેષણોને યોગ્ય જીવો મોટી સંખ્યામાં દેખાય છે. તે માટે જ તો આવી વાતો શાસ્ત્રોનાં પાને ઠેર ઠેર જોવા મળે છે. જ્ઞાની ભગવંતોને આવાં વિશેષણો ઉચ્ચારવાની ભાવના ન હોવા છતાં કહેવાં પડે છે! સુધારવા માટે ચિમકી તો આપવી જ પડે ને ? સામાન્ય વિશેષણોને કે સામાન્ય ઠપકાને તો આપણે ગણકારતા જ નથી. ઘોળીને પી જઈએ છીએ. ત્યારે જ આવાં કડક-આકરાં વિશેષણોથી તે તે જીવોને નવાજવા(?)પડે છે. આવાં વિશેષણોનો ઉપયોગ કરવાના સમયે તે તે જ્ઞાની ભગવંતોનાં હૃદયમાં દ્વેષનો ભાવ નથી હોતો. માત્ર કરુણાના સમુદ્રમાંથી ઊઠતાં આ મોજાં હોય છે. ત્યારે જ તો; વગર સંબંધે, વિના કારણ,વિના સ્વાર્થ આવી વાતો કરે છે. એ તો સર્વજીવોના કલ્યાણમિત્ર બનવા માગે છે. આવા ભાવોવાળા જીવો જ તીર્થંકર પરમાત્મા બનવાથી લઈ આવાં શાસ્ત્રોનાં નિર્માણનો પુરુષાર્થ કરી શકે છે. સ્વાર્થી હોત તો પોતાનું કલ્યાણ કરી મોક્ષમાં પહોંચી ગયા હોત ! બીજા ખાડામાં પડે તોય મારે શી ચિંતા ?મેં ક્યાં દુનિયાનો ઠેકો લીધો છે ? આવા હલકા ને તુચ્છ ભાવો એ જ્ઞાની ભગવંતોનાં હૈયામાં ક્યારેય ઉજાગર થતા નથી.**તુચ્છભાવોને આવા સ્વચ્છ હૃદયમાં ક્યાંથી સ્થાન મળે ?** ભિખારીને મહેલમાં સ્થાન મળે ? ન જ મળે ! મોટા મોટા બંગલાઓમાં જોશો તો ખ્યાલ આવશે કે નોકરોનું સ્થાન તે બંગલામાં નથી હોતું, તેને માટે આઉટહાઉસ જેવી રૂમની વ્યવસ્થા હોય છે, જેમાં બંગલા જેવી તમામ સુવિધા પણ નથી હોતી.વળી,એ નોકર આવી વ્યવસ્થા માટે માંગણી પણ કરતો નથી. કારણ, પોતાની પાત્રતાની તેને ખબર છે.

માનવજન્મરૂપી પાત્ર જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપી રત્નો ભરવા માટે છે. માટે આ ભવમાં એ રત્નો મેળવવાની પાત્રતા પ્રાપ્ત કરવાની મહેનત-પુરષાર્થને જીવનમાં વધું મહત્ત્વ આપવું જોઈએ. પાપ કરવા માટે માનવ પાત્રતાનો વિચાર ક્યારેય કરતો નથી.ધન કમાવવા માટે, લગ્ન કરવા માટે, પરિવારની જવાબદારી વહન કરવા માટે પાત્રતાનો વિચાર કર્યા વગર ઝંપલાવે છે..તેથી તે તે કાર્યોમાં ક્લેશ-સંક્લેશ-દુર્ધ્યાન-નુકશાન-રાગ-દ્વેષ-કલહ-કંકાસ વગેરેનો ભોગ તે જીવો બને છે. છેવટે પાપોનો બોજ લઈને દુર્ગતિ તરફ ધકેલાઈ જાય છે.

શાસ્ત્રાકાર અહીં જણાવે છે કે-તમારી પાસે સદ્ગતિને પ્રાપ્ત કરવાની પાત્રતા કેળવવા, ધર્મ કરવાની પાત્રતા કેળવવા,કારમી દુર્ગતિ અને જાલિમ દુઃખોથી

બચવાની પાત્રતા કેળવવા મળેલો માનવ જન્મ,મળેલો દેહ, મળેલી ઈન્દ્રિયાદિની શક્તિઓનો સદુપયોગ કરી લેવો જોઈએ.

કહેવાનો આશય એ છે કે ઈન્દ્રિય-શરીર અને આયુષ્યનો કોઈ ભરોસો નથી. ક્યારે કઈ ઈન્દ્રિય ક્ષીણ થઈ જાય,શકિતહીન થઈ જાય તે કહી ન શકાય.શરીર રોગોનું ઘર છે. કયો રોગ,ક્યારે હુલમો કરી બેસે, પહાડ જેવી કાયાને કયારે સૂવડાવી દે ? કાયાના માલિક એવા આત્માને ક્યારે માયકાંગલો બનાવી દે ? પાંચ કરોડ, અડસઠ લાખ, નવ્વાણું હજાર, પાંચસો ને ચોરાશી રોગોમાંથી કયો રોગ અણધાર્યો છાપો મારશે, તે કહી ન શકાય.કાયા મહેલમાં ગમે ત્યારે રોગ નામનો દુશ્મન, ગમે તે જગ્યાથી પ્રવેશ કરી શકે છે.એવો સમય આવે તે પહેલાં સજાગ બની , અપ્રમત્તપણે આત્માના કલ્યાણ માટે બુદ્ધિશાળી ગણાતા માનવે પુરુષાર્થ કરી લેવાનો છે,સામાન્ય પ્રયત્ન કામ નહીં લાગે. સમય ચૂકી ગયા તોય પસ્તાવાનો અવસર આવશે. લાગ જોઈને તકનો લાભ ઉઠાવી લેવા જેવી સાવધાની જરૂરી છે. વિજળીના ઝબકારે સોયમાં દોરો પરોવવા જેવું આ કાર્ય છે.

પ્રમાદ નામનો દુશ્મન આત્મા પર હુમલો કરે તે પૂર્વે આત્માએ પ્રમાદ પર ધર્મ-આત્મકાર્ય નામના શસ્ત્રથી હુમલો કરી તેને ભૂ-ચાટતો કરી દેવાની વાત નિઃસ્વાર્થ જ્ઞાની ભગવંતોની છે. આ માત્ર ઉપદેશ નથી.આમાં તો તેમનો અનુભવ,તેમનું જ્ઞાન અને હૈયામાં સર્વજીવો માટે બેઠેલી કરુણા કામ કરી રહી છે. તેથી 'કલ્યાણ મિત્ર' બનીને એ કૃપાસિંધુ ગુરુભગવંતો અને તીર્થંકરભગવંતો આ સત્ય વાસ્તવિકતાને રજૂ કરે છે.

ઈન્દ્રિયોમાં ખામી સર્જાયા પછી પશ્ચાત્તાપ - આસું સુધી ન પહોચવું પડે તે માટે એના દ્વારા સિદ્ધિની સાધના માટે ટકોરાબદ્ધ પુરુષાર્થ કરી લેવાની હિતકર વાતો એ કરે છે.ક્યારેક કાનપુર (કાન) લાઈન નબળી પડે,ક્યારેક આંખોનું તે-જ ઘટે, દૃષ્ટિમાં ખામી સર્જય... અંધાપો આવે... ક્યારેક નાકની ક્ષમતામાં ઊણપ ઊભી થાય. તો વળી , ક્યારેક જીભને લકવાદિની અસર થઈ જાય ને તે પ્રભુનાં ગુણગાન કરવાની ક્ષમતા ગુમાવી બેસે, ક્યારેક હાથ-પગમાં એવી જ નાપાક બીમારીઓ ઘેરો ઘાલે...! ક્યારેક ઈન્દ્રિયો-હાથ-પગાદિ બરાબર ચાલે પરંતુ કિડની-લીવર-યકૃત જેવા શરીરના સંચાલકો નબળા પુરવાર થાય... આખા શરીરના કેન્દ્રબિંદુ સમા અને આકારમાં નાના છતાં મહત્વના અંગ તરીકે ગણાતા હ્રદયના ધબકારા કે રક્ત પ્રવાહમાં ગરબડ ઊભી થાય તો જીવની હાલત કેવી થાય ?તમામ



શરીરને નિસ્તેજ -નિર્બળ બતાવી દેનારી આ ખામીવાળી કાયા ધર્મમાં શું કામ લાગે ? આવી વ્યાધિઓનું ટોળું આવે તે પૂર્વે જ સાધના કરી લેવાની સત્પ્રેરણા જ્ઞાની ભગવંતો આપે છે. જો આમાં વિલંબ કર્યો તો આગ લાગે ત્યારે કૂવો ખોદવા બેસવા જેવો ઘાટ થશે. એટલે કે આગ લાગે ત્યારે કૂવો ખોદવા બેસે તો શું થાય ? કૂવો ખોદાય કે પાણી આવે- નીકળે તે પૂર્વે જ આગથી ઘર વગેરે સાફ થઈ ગયું હોય....! મૂર્ખને છાજે-બુદ્ધિશાળીને ન શોભે એવી આ પ્રવૃત્તિ ગણાય છે. એ જ રીતે વૃદ્ધાવસ્થા આવ્યા પછી પણ સાધના થઈ શક્તિ નથી. માટે જ કહ્યું કે શરીર સ્વસ્થ હોય, ઈન્દ્રિયો કાર્યક્ષમ હોય, વૃદ્ધાવસ્થાનું આગમન ન થયું હોય અને આયુષ્ય પૂરું ન થાય... તે પૂર્વે જ આત્મકલ્યાણનો મહાન પ્રયત્ન, પ્રજ્ઞાસંપન્ન જીવોએ કરી લેવો જોઈએ.નહીંતર બુદ્ધિનું દેવાળું કાઢ્યા જેવું ગણાશે.

ધ

## ★ અનુમોદનાનો અમૃતથાળ ★★★

-સંકલન

પૂ.આ.ભ.શ્રીમદ્‌વિજયભવ્યદર્શનસૂરીશ્વરજી મહારાજા આદિ ઠાણાં તથા પૂ.સા.શ્રીભદ્રિકાશ્રીજી મ. આદિ ઠાણાં બેંગલોરથી ચેન્નઈ તરફ વિહાર કરી રહ્યાં છે. માગ.વ.૧ના મુગબાલમાં રોકાયા.વ.૨ 'સીપાની ફાઈબર્સ' ફેક્ટરીમાં સ્થિરતા થઈ. માગ.વ.૩ + ૪ તા.૧૫.૧૨.૧૯ રવિવારે સસ્વાગત કોલાર પધાર્યા.વ.૫ હંચલા પાર્શ્વવિમલ વિહાર ધામમાં સ્થિરતા થઈ.વ.૬ મંગળવારે બંગારપેટ પધાર્યા.પ્રવચન થયું. બીજે દિવસે કે.જી.એફ.(કોલાર ગોલ્ડ ફીલ્ડ-જ્યાં સોનાની ખાણો છે.)પધાર્યા.વ.૮ બેતમંગલા થઈ વ.૯ સુંદરપાલ્યમ્ પધાર્યા.વ.૧૦ વિકોટા થઈ વ.૧૧ ઓઘૂ સ્કૂલમાં સ્થિરતા કરી. વ.૧૨ લિંગાપુરમ્ (નાયકનેરી)સ્કૂલમાં રોકાણ કરી વ.૧૩ ભદ્રપલ્લી, વ.૧૪ ચલપલ્લી, વ.૦)) ગુડિયાતમ્ સસ્વાગત પધર્યા. પો.સુ.૧ કે.વી.કુપ્પમ્,સુ.૨ વિરંચીપુરમ્-જૈનસ્કૂલમાં રોકાણ થયું. સુ.૩ ના સસ્વાગત વેલ્લુર પધાર્યા.પ્રવચન થયું. જ્યાં જ્યાં જૈનોની વસ્તી છે,ત્યાં ત્યાં વધુ રોકાણ માટે આગ્રહ અવશ્ય થતો.

સુ.૪ શાંતિભવન-દાદાવાડીમાં રહી, સુ.૫ આરકાટ સસ્વાગત પધાર્યા. પ્રવચન થયું. સુ.૬ના રાનીપેટ દર્શન કરી વાલાજાપેટ પધાર્યા.સુ.૭ કાવેરીપાકમ્ રોકાણ કરી સુ.૮ મહાવીરવિહારધામમાં સ્થિરતા કરી.

વિહારયાત્રામાં ભિન્ન ભિન્ન ઘણા અનુભવો થાય છે.કેટલેક ઠેકાણે જિનાલયોમાં શિલ્પના દોષો જોવા મળે છે. તેને કારણે સંઘોમાં વિવાદ-વિખવાદની ફરિયાદો સાંભળવા મળે છે. કેટલેક ઠેકાણે વર્ષોનાં વર્ષો સુધી હિસાબ-કિતાબ મળતાં નથી. વ્યકિતગત કે પારિવારીક એકહત્થુ શાસન ચાલતું આવે છે. તે કોઈને ગાંઠતા નથી. તો વળી, કોઈ કોઈ ઠેકાણે દેવદ્રવ્યાદિના ગોટાળાય જોવા મળે. ક્યાંક ક્યાંક વર્ષો થઈ ગયાં,ચઢાવાની રકમ ભરાઈ નથી. ગુરુભગવંતોનું વિચરણ ખૂબ ઓછું.ક્યારેક આવે તો રોકાણ ન હોય..પ્રવચન વગેરે ન થાય. ગુરુભગવંત દ્વારા સંઘમાં પૂછપરછ ન થાય..પૂરતું ધ્યાન ન અપાય..આ બધાં પરિબળોના કારણે સંઘની ભૂલો વર્ષો સુધી ચાલ્યા જ કરે..સાફ-સૂફી ન થાય.સંઘોમાં પક્ષાપક્ષી પણ ચાલતી હોય,નાની નાની બાબતોમાં ઝઘડા થાય..મહિનાઓ, વર્ષો સુધી એનું નિરાકરણ ન થાય.તે કારણે સાધુ-સાધ્વીજીની વ્યવસ્થામાંય ખામી ઊભી થાય.કષાયોનું જોર વધે.સંઘનાય ઘણાં કાર્યો સિદાય.મોટાભાગે મહાત્માઓ પ્રોગ્રામ લઈને જ નીકળતા હોય,નિર્ધારિત સ્થળે પહોંચવાની ઉતાવળ હોય.નાના સંઘોનું ધ્યાન કોણ રાખે ?સંઘની મિટીંગો બોલાવવી પડે.થોડા દિવસનો અવકાશ જોઈએ.આ બધું જોતાં એમ લાગે કે યોગ્ય ગુરુભગવંતોની આ પ્રદેશમાં ખૂબ જરૂર છે. હા, સાધુ ભગવંતો માટે આ પ્રદેશમાં માન-સન્માન ઘણું છે.ગુરુભગવંતો પ્રત્યે દિલમાં ભક્તિ છે. કેટલાક જીવો ભદ્રિક-સરળ પણ છે. વાળ્યા વળે તેમ છે.

પો.સુ.૯ના દિવસે બાલુચેટીછત્રમ્ પધાર્યા.સુ.૧૦ તા.૫.૧.૨૦ રવિવારે કાંચીપુરમ્(છોટી)પધાર્યા.અહીં ૯૯ યાત્રા કરીને આવેલી બે બાલિકાની અનુમોદનાર્થે નવ્વાણું પ્રકારી પૂજા-સાધર્મિકવાત્સલ્ય વગેરે રાખેલ,તેમાં નિશ્રા આપવા વિનંતિ કરવા બાલુચેટીછત્રમ્ આવેલ.કાંચીપુરમ્નો ઈતિહાસ ત્યાંના જૈનો પાસેથી જાણવા મળ્યો કે,આ ગામમાં હજારો જૈનો હતા. પરંતુ શંકરાચાર્યે બધાની કતલ કરાવી નાંખી.અહીંથી ૧૦૦ કિ.મી.ના એરિયામાં હજારો જૈન પરિવારની વસતી હતી.તેમની પણ એ જ હાલત કરાવી નાંખી! સુ.૧૧સોમવારે વચમાં શ્રાવકના શોરૂમ પર રોકાઈ સુ.૧૨ મંગળવારે ત્રૈલોક્યશંખેશ્વરધામતીર્થ-પિલૈછત્રમ્ પધાર્યા.ત્યાં જિનાલયાદિની કેટલીક ત્રુટીઓથી,સ્વદ્રવ્યથી નિર્માણ કરનાર પુણ્યાત્માને વાકેફ કર્યા. કેટલુંક માર્ગદર્શન આપ્યું.સોમપુરાએ ઘણી રીતે અમને ઠગ્યા છે વગેરે વાતો તેઓએ કબૂલી. આ બાજુ મોટેભાગે સોમપુરાઓ શિલ્પપ્રમાણે



નહીં, મરજી મુજબ કામ કરે છે. કોઈ જાણકાર નથી, કહેનાર-પૂછનાર નથી..પ્રતિષ્ઠાદિ કરનાર ગુરુભગવંતો કાં આ વિષયનું જ્ઞાન ધરાવતા નથી.કાં તો ઉપેક્ષા કરે છે. પરિણામ સંઘને - શ્રાવકોને ભોગવવાનું આવે છે. કેટલાંક વિઘ્નો-કષ્ટો-દુઃખો આવે ત્યારે તેઓ ધર્મ-શ્રદ્ધાથી વિચલિત થતા-થયેલા જોવા મળે છે.

આજથી ૧૦ વર્ષ પૂર્વે થયેલા એક જિનાલયમાં (નવા બનાવેલા) ઘણા પ્રતિમાજી પધરાવ્યાં છે.તેમાં એક પ્રતિમાજી તો દિગંબર અવસ્થાના પધરાવી દીધા છે ! તે પ્રતિમાજીને (પદ્માસનસ્થ)કચ્છ-કંદોરો નથી.કાન પણ ટૂંકા છે. ૧૦ વર્ષમાં અનેક આચાર્યાદિ ગુરુભગવંતો અવી ગયા. કોઈના ધ્યાનમાં આ વાત આવી નથી.સેંકડો -હજારો શ્રાવકોએ દર્શન-પૂજા કરી હોવા છતાં કોઈ આ વાતને સમજી શક્યું નથી! અંજન સમયે આચાર્ય મ.ને, વિધિકારકને પણ ધ્યાનમાં નહીં આવ્યું હોય ? આશ્ચર્ય ગણાયને ?

પિલૈછત્રમ્થી સુંગુવારછત્રમ્ પધાર્યા. પો.સુ.૧૪ના દિવસે શ્રીપેરેમ્બુદુર પધાર્યા(જ્યાં રાજીવગાંધીની હત્યા થઈ હતી.)સુ.૧૫ તા.૧૦.૧.૨૦ શુક્રવારે તંડલમ્,પાર્શ્વ-પદ્માવતી ગૌશાળામાં પધાર્યા. વ.૧ તા.૧૧-૧, શનિવારે પૂનમલ્લી ગામમાં પધાર્યા. આ બાજુના ગામોમાં કેટલેક ઠેકાણે જૈનોનાં ઘર નથી.તો કેટલેક ઠેકાણે મૂર્તિપૂજક-સ્થાનકવાસી-તેરાપંથીનાં ઘરો છે.વધારે સ્થાનકવાસી તેરાંપથીઓ છે.

વ.૨તા.૧૨.૧.૨૦ રવિવારે પોરુર પધાર્યા.અહીં એક જ પરિસરમાં ચાર જિનાલયો છે.૧.મુનિસુવ્રતસ્વામીનું ૨.નાગેશ્વરપાર્શ્વનાથનું, સિદ્ધાચલગિરિસહિત આદિનાથપ્રભુનું અને શ્રીનમિનાથભગવાનનું. સામે સાઈડ ગિરનાર મંડન નેમિનાથપ્રભુનું જિનાલય છે. ત્યાં ઓસિયામાતા(ઓસવાલવંશના કુળદેવી)વગેરેની સ્થાપનાઓ છે. એમાં ઘણાં દેવ-દેવીઓની પણ સ્થાપના કરી છે,મહાત્માઓ પણ આવી સ્થાપના કરાવે છે! જેમાં જૈન ઉપરાંત અજૈન દેવ-દેવી પણ છે.મહાદેવના લિંગની પણ સ્થાપના હોવાથી ત્યાંના મેઈન શ્રાવક નવરતનમલજીને પૂજ્યશ્રીએ ઠપકો આપ્યો. સંસારી લાલસાઓ પોષાય એવાં કાર્યો ઘણે ઠેકાણે તપાગચ્છાદિના સૂરિવરો-મુનિવરો પણ કરાવતા થઈ ગયા છે! કલિકાલની બલિહારી છે.એક બાજુ સમ્યક્ત્વ ઉચ્ચરાવે, બીજી બાજુ આવાં તત્ત્વોની સ્થાપના કરી લૌકિક-લોકોત્તર મિથ્યાત્વથી વાસિત બનાવે છે!

(ક્રમશઃ) ધ

## તપ - નિયમથી ઉભયલોક કલ્યાણરૂપ

**तव-नियमसुट्ठियाणं, कल्लाणं जीविअं पि मरणं पि ।**
**जीवंति जइ गुणा, अज्जिणंति सुगइं उविंति मया ।।४४३।।**

તપ અને નિયમથી સારી રીતે રંગાયેલા જીવને જીવન અને મરણઃ બંને કલ્યાણરૂપ થાય છે. જીવતાં ગુણવૃદ્ધિનો લાભ થાય છે. મૃત્યુ પછી સદ્ગતિમાં જાય છે. મતલબ, તેને જીવન રહે કે મૃત્યુ આવે તોય ચિંતા રહેતી નથી. કારણ, અહિત તો થવાનું જ નથી.

- ઉપદેશમાળા.